**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : જાગૃતિ વકીલ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 10-10-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---------------------------------------------------------

## રતન ટાટા વિદાય

દેશનાં અગ્રણી ઉદ્યોગપતિ રતન ટાટાનું મુંબઈ ખાતે 86 વર્ષની વયે અવસાન થયું છે તેઓ કેટલાક સમયથી બીમાર હતા અને મુંબઈની બીચ કેન્ડી હોસ્પિટલમાં સારવાર લેતા હતા.

28 ડિસેમ્બર 1937ના રોજ જન્મેલા રતન ટાટા, ટાટા ગ્રુપના સ્થાપક જમશેદજી ટાટાના પ્રપૌત્ર છે. તેઓ 1990થી 2012 સુધી જૂથના અધ્યક્ષ અને ઓક્ટોબર 2016થી ફેબ્રુઆરી 2017 સુધી વચગાળાના અધ્યક્ષ હતા. રતન ટાટા ગ્રુપના ચેરિટેબલ ટ્રસ્ટના વડા હતા.

2008 મા પદ્મ વિભૂષણ અને 2000 પદ્મ ભૂષણ મેળવનાર રતન ટાટાએ એર ઇન્ડિયાને પોતાના સામ્રાજ્યમાં સામેલ કરી છે. તેમણે ફોર્ડની બે જાણીતી બ્રાન્ડ જગુઆર, લેન્ડરોવરને 2.3 હિલિયન ડોલરમાં ખરીદી લીધી હતી.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાને શ્રી ટાટાના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર લખ્યું, 'શ્રી રતન ટાટાજી એક સ્વપ્નદ્રષ્ટા બિઝનેસ લીડર, એક દયાળુ આત્મા અને અસાધારણ માનવી હતા. તેમણે ભારતના સૌથી જૂના અને સૌથી પ્રતિષ્ઠિત બિઝનેસ હાઉસમાંના એકને સ્થિર નેતૃત્વ પૂરું પાડ્યું. વધુમાં, તેમનું યોગદાન બોર્ડરૂમથી ઘણું આગળ હતું. તેમની નમ્રતા, દયા અને આપણા સમાજને સુધારવા માટેની અતૂટ પ્રતિબદ્ધતાએ તેમને ઘણા લોકોને પ્રિય બનાવ્યા.

**N.P. / જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------

## બોથલ કેબીનેટ બેઠક

ગુજરાતના લોથલ ખાતે વિશ્વનું સૌથી મોટું અને ભારતના દરિયાઈ વારસાનો પરિચય આપતું સંકુલ બનશે. ગઇકાલે કેબિનેટ બેઠક બાદ પત્રકારોને સંબોધતાં શ્રી વૈષ્ણવે કહ્યું કે, લોથલ ખાતેનું સંકુલ પૂર્ણ રીતે તૈયાર થતાં મુલાકાતીઓને ભારતના સમૃદ્ધ દરિયાઈ વારસાનો પરિચય આપવા માટે પાંચ પરિમાણવાળો દૃશ્ય-શ્રાવ્ય કક્ષ તૈયાર કરાશે.

કેબિનેટ બેઠકમાં લેવાયેલા  અન્ય મહત્વના નિર્ણયોમાં દેશની સરહદી વિસ્તારની સલામતી સુનિશ્ચિત કરવા ચાર હજાર 400 કરોડ રૂપિયાના ખર્ચે રાજસ્થાન અને પંજાબના આંતરાષ્ટ્રીય સરહદી

વિસ્તારોમાં બે હજાર, 280 કિલોમીટરની લંબાઈના માર્ગો તૈયાર કરાશે, તેમજ પોષણ સાથે સર્વગ્રાહી વિકાસ સુનિશ્ચિત કરવા 17 હજાર કરોડ રૂપિયાના ખર્ચે ફોર્ટિફાઇડ ચોખા અપાશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## ગૃહરાજ્યમંત્રી : કચ્છ મુલાકાત

ગઇકાલે ભુજ ખાતે કચ્છ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસ હાઉસિંગ બોર્ડ દ્વારા ભુજ ખાતે નવનિર્મિત રૂ.૧૯ કરોડના ૧૪૪ મકાનોનું લોકાર્પણ કર્યું હતું. ઉપરાંત, કચ્છ જિલ્લા એસઆરપી ગ્રુપ-૧૬ ભચાઉ ખાતેના કક્ષા-બીના ૭૨ આવાસો તથા ગાગોદર પોલીસ સ્ટેશનનું ઇ-લોકાર્પણ તેમજ પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ પરિવાર દ્વારા સંચાલિત શિણાય ગૌશાળા તથા અંજાર એસટી ડેપો વર્કશોપનું ઇ-ખાતમુહૂર્ત કર્યું હતું. સરહદી રેન્જમાં સરહદ તથા મહિલાઓની સુરક્ષાને મજબૂત બનાવવા 'ગુરૂ-જન-સેતુ' યોજનાનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વ્યાજખોરો સામે રાજ્યમાં પ્રથમવાર ગુજસીટોક લગાવી દાખલારૂપ કામગીરી કરનાર કચ્છ જિલ્લા પોલીસને બિરદાવ્યા હતા અને સરહદની મહિલાઓને રાણી લક્ષ્મીબાઇ રૂપ લેખાવી હતી. ગૌ-હત્યા રોકવા કડક પગલા લેતી

પોલીસ ગાયના જતન માટે કચ્છમાં ગૌ-શાળા ખોલશે એ રાજ્યમાં પ્રથમ કિસ્સો છે તેવું તેમણે જણાવ્યું હતું.

માહિતી

---

## નવરાત્રિ હવન : પતરીવિધિ : મઢ : ભુજ મંદિર

નવરાત્રી પર્વ દરમ્યાન શ્રધ્ધા અને આસ્થાનાં કેન્દ્ર બનેલ આશાપુરા માતાજીનાં સ્થાનક માતાના મઢ ખાતે આજે મધરાત્રે હવનવિધિ સાથે નવરાત્રી પર્વ ચરમસીમાએ પહોંચશે. જાગીર અધ્યક્ષ રાજાબાવા યોગેન્દ્રસિંહજીનાં હસ્તે હવનમાં બીડું હોમવાની વિધિ થશે. આવતીકાલે આઠમનાં માતાજીને પતરી ચડાવવાની વિધિ સંપન્ન થતાં નવરાત્રી પર્વનું સમાપન થશે. ભુજના આશાપુરા માતાજીના મંદિરે પણ આજે હવન યોજાશે જ્યારે આવતીકાલે પત્રી વિધિ થશે.

ચંદ્રવદન પટ્ટણી

---

## દુર્ગાપૂજન : ભુજ, ગાંધીધામ

શારદીય નવરાત્રિ પર્વની ઉજવણી સાથે છઠ્ઠા નોરતાથી બંગાળી સમાજ દ્વારા દુર્ગા પૂજા મહોત્સવ શરૂ થાય છે. બંગાળી સમાજની વધુ વસ્તી ધરાવતાં પંચરંગી ગાંધીધામ સંકુલમાં 50 મા વર્ષના દુર્ગા પૂજા મહોત્સવનો વિવિધ કાર્યક્રમો સાથે આરંભ થયો છે. સુવર્ણ જયંતિ

મહોત્સવનાં ભાગરૂપે આ વખતે કેદારનાથ મંદિરની પ્રતિકૃતિ સાથેનો પંડાલ તૈયાર થયો છે. તો ભુજમાં બંગાળી એસોસિએશન દ્વારા ઓપએર થિયેટર ખાતે ચાર દિવસના દુર્ગા મહોત્સવનું આરંભ થશે. જેનો લાભ લ વા આપ જનતાને આયોજકો દ્વારા આમંત્રણ અપાયું છે.

**N.P. / જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------

## વરસાદ કચ્છ

રાજ્યમાં એક તરફ નવરાત્રિ મહોત્સવની ઉજવણી  ઉત્સાહભેર ચાલી રહી છે, ત્યારે બીજી તરફ હવામાન વિભાગ તરફથી રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદની આગાહીના પગલે સંભવિત વિસ્તારોમાં ગરબી આયોજકોમાં નવરાત્રિમાં ખલેલ પડવાની ભીતિ ફેલાઈ છે. કચ્છમાં ગઇકાલે મુન્દ્રા તાલુકાના નાની તુંબડી અને આસપાસના વિસ્તારમાં હળવા પવન સાથે વરસાદી ઝાપટું વરસ્યું હતું. તો તાલુકા મથક ભચાઉમા પણ ધીમી ધારે વરસાદ પડ્યો હતો. જ્યારે નજીકમાં ચોપડવા, ગુણાતીત પુર અને સિકરા વાળી વિસ્તારમાં જોરદાર ઝાપટાં વરસી પડતા માર્ગો ભીના થયા હતા. ખેડૂતોએ કમોસમી વરસાદના કારણે ખરીફ પાકમાં નુકસાની થવાની સંભાવના તેમણે વ્યક્ત કરી હતી. જિલ્લાના વાતાવરણમાં વાદળછાયો માહોલ છવાતા નવરાત્રિની ઉજવણીમાં વરસાદની અસર ના વર્તાય એવી ગરબી આયોજકોએ મનોકામના કરી હતી.

---

## ક્રિકેટ

ભારતની મહિલા અને પુરુષ ટીમોએ ટી 20 મેચમાં એમની હરીફ ટીમોને ટી20 મેચમાં પરસ્ત કરી ક્રિકેટ ક્ષેત્રે નોંધપાત્ર વિજયી સિદ્ધિ હાંસલ કરી છે. .

દિલ્હી ખાતેની ટી 20 મેચમાં ભારતે બંગલા દેશને 86 રને હરાવી બીજી સફળતા હાંસલ કરી હતી. ભારતે 9 વિકેટ ગુમાવી 221 રન કર્યા હતા. જવાબમાં બંગલા દેશની ટીમ 9 વિકેટ ગુમાવી 135 રન કરી શકી હતી.

મહિલા વિશ્વ કપ ટી-20 ની મહત્વની મેચમાં ભારતે શ્રીલંકાને 83 રને હાર આપી હતી. દુબઈ ખાતેની મેચમાં ભારતીય ટીમે 3 વિકેટ ગુમાવી 172 રન કર્યા હતા. જવાબમાં શ્રીલંકાની ટીમ 90 રનમાં આઉટ થઈ ગઈ હતી. ભારતે આ સ્પર્ધામાં અગાઉ પાકિસ્તાનને પરાસ્ત કરી વિજયી પ્રારંભ કર્યો હતો.

**ચંદ્રવદન પટ્ટણી**

---